# પાલનપુર નગરપાલિકા ચૂંટણી જંગ : છેલ્લા દિવસે ૧૧૩ ઉમેદવારી પત્ર ભરાયા

## વોર્ડ નં.૧ થી ૧૧ માં કુલ ૨૧૯ ઉમેદવારી ફોર્મ ભરાયા : બળવાના ભયે છેલ્લી ઘડી સુધી ભાજપ-કોંગ્રેસે ઉમેદવારો જાહેર ન કર્યા

પાલનપુર નગરપાલિકાની ચૂંટણીમાં ફોર્મ ભરવાના છેલ્લા દિવસે ઉમેદવારોનો ભારે ધસારો રહ્યો હતો. જોકે, બળવાના ભયે ભાજપ કે કોંગ્રેસે છેલ્લી ઘડી સુધી ઉમેદવારોના નામ જાહેર કરવાનું ફોર્મ ભરાવવામાં આવ્યા હતા. જેમાં ફોર્મ ભરવાના છેલ્લા દિવસે ભાજપ-કોંગ્રેસ અને આપના ઉમેદવારોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. જોકે, અંતિમ ઘડી સુધી કોણ કપાયું તેની માહિતી જે તે પક્ષો કરાયા બાદ ફોર્મ ભરાવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જેમાં તા.૮ થી.૧૩ દરમીયાન પાલિકાની ૪૪ બેઠકો માટે કુલ ૨૧૯ ફોર્મ ભરાયા છે. જેની ચકાસણી થયા બાદ કેટલા ફોર્મ માન્ય રહે છે.તે



ટાળ્યું હતું. જોકે, ફોર્મ ભરવાના અંતિમ દિવસે ૧૧૩ ઉમેદવારીપત્ર ભરાયા હતા. જ્યારે વોર્ડ નં.૧ થી ૧૧ માં કુલ ૨૧૯ ઉમેદવારી ફોર્મ ભરાયા હોવાનું ચૂંટણી શાખાના સૂત્રોએ જણાવ્યું હતું.

પાલનપુર નગરપાલિકાની ચૂંટણીમાં ફોર્મ ભરવાના અંતિમ દિવસે અંતિમ ઘડી સુધી બળવો થવાના ભયથી ભાજપ-કોંગ્રેસ ઉમેદવારોનું લીસ્ટ જાહેર થયું ન હતુ. અને ફોર્મ ભરવાના છેલ્લા દિવસે પણ ટેલીફોનીક જાણ કરી દ્વારા ગુપ્ત રખાઈ હતી. અંતે મેન્ડેટ આપ્યા બાદ જ પત્તા ખુલતા કહી ખુશી કહી ગમ ના દ્રશ્યો સર્જાયા હતા.

પાલનપુર નગરપાલિકાની ચૂંટણીમાં ફોર્મ ભરવાના છેલ્લા દિવસે કુલ ૧૧૩ ફોર્મ ભરાયા હતા. તેમજ અત્યાર સુધીમાં ટોટલ ફોર્મ ૨૧૯ ફોર્મ ભરાયા હોવાનું ચૂંટણી વિભાગના સુત્રોએ જણાવ્યુ હતુ. પાલનપુર નગરપાલિકા ની ચૂંટણી જાહેર થતા તા.૮-૦૨-૨૦૨૧ના રોજ જાહેરનામુ પ્રસિધ્ધ આગામી દિવસોમાં જાણવા મળશે.

પાલનપુર નગરપાલિકાના ચૂંટણી જંગ માં ૨૧૯ ઉમેદવારી પત્ર ભરાયા છે. જોકે, ૧૫ મી એ ફોર્મ ચકાસણીમાં ક્ષતિગ્રસ્ત ફોર્મ નીકળી જશે. બાદમાં ૧૬ મી ફેબ્રુઆરીએ ઉમેદવાર પત્ર પરત ખેંચવાની અંતિમ તિથિ છે. જે દિવસે કેટલા ફોર્મ પરત ખેંચાય છે તે બાદ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે. ભાજપ અને કોંગ્રેસ ડેમેજ કંટ્રોલ કવાયત કરી કેટલા ફોર્મ પરત ખેંચાવશે તેના પર સૌની મીટ મંડાઈ છે.

## સાબરકાંઠા જીલ્લા ભાજપ આઈ.ટી.સેલ કન્વીનર તરીકે નિમણુંક

ભિલોડા, તા.૧૪

ભારત દેશના લોક લાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની મુખ્ય પસંદગીની ટીમમાં ૨૦૧૦ થી સતત આઈ.ટી સેલમાં કામ કરતા અનુભવી કર્મનિષ્ઠ કાર્યકર્તા જીગરભાઈ રાવલ ને સાબરકાંઠા જીલ્લા આઈ.ટી.સેલ કન્વીનર તરીકે જે.ડી.પટેલ,સાબરકાંઠા જીલ્લા ભાજપ પ્રમુખ અને મહામંત્રી વિજયભાઈ પંડ્યા દ્વારા નિયુક્ત આપવામાં આવી છે.ભાજપના હોદ્દેદારો અને કાર્યકરોમાં આનંદની લાગણી પ્રસરી છે.

# પાલનપુરમાં ગુપ્તા સમાજ ભાજપથી નારાજ

## ગુપ્તા સમાજની તાકીદની બેઠકમાં ભાજપને જવાબ આપવાનો નિર્ણય લેવાયો

પાલનપુર નગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવાર પસંદગીને લઈને ભડકો થયો છે. જેમાં વર્ષોથી સંઘ અને ભાજપને સમર્પિત ગુપ્તા સમાજને એકપણ ટીકીટ ન ફાળવાતા ગુપ્તા સમાજમાં રોષ ફેલાયો છે. ત્યારે ગુપ્તા સમાજે ભાજપને પાઠ ભણાવવાનો નિર્ણય કર્યો છે.

પાલનપુર નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ દ્વારા ઉમેદવારી યાદી પ્રસિધ્ધ કરાય તે પહેલાં અનેક સમાજો તેમજ કાર્યકરો ટિકિટને લઇ નારાજ જોવા મળી રહ્યા છે. ત્યારે પાલનપુર માં ટિકિટને લઈ ગુપ્તા સમાજ નારાજ થયો છે. વર્ષો થી ભાજપ સાથે જોડાયેલા ગુપ્તા સમાજને નગર પાલિકાની ચુંટણી માટે એક ટિકિટની માંગણી કરવામાં



આવી હતી. પરંતુ ભાજપ પક્ષ દ્વારા ગુપ્તા સમાજ ના ઉમેદવારની ટિકિટ જાહેર ન કરાતાં વિરોધ ના સૂર ઉઠયા છે. ત્યારે ગુપ્તા સમાજની વાડી ખાતે સમાજની અગત્યની ચુંટણીલક્ષી બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં ગુપ્તા સમાજને ટિકિટ આપવામાં નહિ આવે તો સમાજ દ્વારા ભાજપને જવાબ આપવાનો નિર્ણય લેવાયો હતો. જેના કારણે ભાજપને રાજકીય નુકસાન થઈ શકે છે. આ બેઠકમાં ગુજરાત રાજય ગુપ્તા સમાજના પ્રમુખ અશોકભાઈ ગુપ્તા, પાલનપુર ગુપ્તા સમાજના પ્રમુખ બીપીનભાઈ ગુપ્તા, પાલનપુર શહેર ભાજપના પૂર્વ પ્રમુખ મુન્નાલાલ ગુપ્તા, ડો.સુરેન્દ્ર ગુપ્તા, અનિલભાઈ ગુપ્તા, કેતનભાઈ ગુપ્તા સહિતના અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં જ્ઞાતિબંધુઓ હાજર રહ્યા હતા.

આમ, ભાજપમાં ટીકીટ ફાળવણી મુદ્દે અસંતોષની આગ ભડકી ઉઠી છે. ત્યારે ભાજપ હવે કેવું ડેમેજ કંટ્રોલ કરશે તે જોવું રહ્યું.

# ઝુંડાલ વેરાઈ માતાના મંદિરમાં ચોરી

ઝુંડાલ ગામે આવેલા વેરાઈ માતાના મંદિરમાં રૂ.૪૫,૮૦૦ ની મત્તાની ચોરી થઈ છે. રાત્રીના સુમારે તસ્કરોએ મંદિરના મુખ્ય દરવાજાની જાળીનું લોક તોડી અંદર પ્રવેશી ગર્ભગૃહમાં જઈને માતાજીની પગની પાવડી, સોનાનો હાર અને અન્ય બે હાર લઈ ફરાર થઈ ગયા હતા. મંદિરના પૂજારી ગુણવંતભાઈએ ચોરી અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ઝુંડાલ ગામના મુખીવાસ સ્વામીનારાયણ મંદિર પાસે રહેતા ગુણવંતભાઈ હરીપ્રસાદ નાયક (ઉં.૬૩) છેલ્લા ૪૦ વર્ષથી વેરાઈ માતાના મંદિરના પૂજારી તરીકે સેવા આપે છે.મંદિર સવારે ૬ વાગ્યાની આસપાસ ખુલે છે અને સાંજે સાડા સાત વાગે બંધ થાય છે. ત્યારે ગતરોજ નિયત સમય મુજબ પૂજા અર્ચના કરીને સાંજના સુમારે મંદિર બંધ કરીને પૂજારી ઘરે ગયા હતા. સવારના પાંચ વાગે હનુમાનજી મંદિરના વાડી કંમ્પાઉન્ડ ખાતે કસરત કરવા માટે આવ્યા હતા. તે સમયે જોયુ તો વેરાઈ માતાના મંદિરનો મુખ્ય દરવાજો ખુલ્લો હતો. જેથી વેરાઈ માતાના મંદિરનો વહીવટ કરતા ઘનશ્યામભાઈ પટેલને જાણ કરી હતી. ઘનશ્યામભાઈ આવી ગયા બાદ તપાસ કરતા મંદિરના મખ્ય દરવાજાની જાળીનુ લોક તોડેલ હતું.



ગાંધીનગર સ્થિત સેક્ટર-૨ સ્વામિનારાયણ મંદિર દ્વારા રામ મંદિર નિર્માણ નિધિમાં રૂ. ૨,૨૧,૦૦૦ અર્પણ કરાયા હતા. આ સમયે પૂ. પી. પી. સ્વામી, પૂ. ઘનશ્યામ જીવન સ્વામી, પૂ. દેવ સ્વામી તથા જિલ્લા નિધિ સમિતિના અધ્યક્ષ અશોકભાઈ પટેલ અને સાથી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.



## પાલનપુર સ્થિત જિલ્લા ભાજપ કાર્યાલયમાં હોબાળો

પાલનપુર નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપની ટીકીટ ફાળવણીને પગલે અસંતોષની આગ ભડકી છે. ત્યારે નારાજ કાર્યકરો ભાજપ કાર્યાલયમાં ધસી ગયા હતા. જ્યાં તેઓએ પાલનપુર શહેર ભાજપ પ્રમુખનો ઉધડો લેતા હોબાળો મચાવ્યો હતો. પાલનપુર નગરપાલિકાના ચૂંટણી જંગમાં ભાજપની ઉમેદવાર પસંદગીથી ભડકો થયો છે. ભાજપમાં આયાતી ઉમેદવારો સામે ભારે રોષ ફેલાયો છે. ત્યારે વોર્ડ નં.૭માં ટીકીટથી વંચિત ઉમેદવારોના સમર્થકો ભાજપ કાર્યાલયમાં જઈ હોબાળો મચાવ્યો હતો. કાર્યકરોએ ટીકીટ ફાળવણીમાં જવાબદાર હોદ્દેદારોના રાજીનામાની માંગણી કરી હતી. આમ, ભાજપ માટે હવે ડેમેજ કંટ્રોલ કવાયત કઠિન બની છે.

# રીક્ષા ચાલકના ગળે કટર મુકી મોબાઈલ લુંટી લેનાર શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૪

અડાલજ પાસે આવેલા જમીયતપુરા ખાતે રીક્ષા ચાલકના ગળા પર કટર મુકીને ફોન લુંટી લેનાર યુવક પકડાયો છે. શેરથા પાસે યુવકે બીજા નાગરીકને લુંટવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ તેમાં તે સફળ થયો ન હતો. જેથી રીક્ષા ચાલક અને અન્ય યુવકે શોધખોળ કરીને આરોપીને પકડી પાડી પોલીસને હવાલે કર્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદના ચાંદલોડીયા ખાતે રહેતા ધર્મેન્દ્રભાઈ ઓમપ્રકાશ સોની મંગળવારના રોજ રાત્રીના પોણા નવ વાગ્યાના સુમારે અમદાવાદથી કલોલની વર્ધી લઈને ગયા હતા. ત્યારબાદ કલોલ ગુરુકુળ થી એક મુસાફર ત્રિ મંદિર સુધી બેઠો હતો. જમિયત પુરા પાટીયા પાસે રાત્રીના સાડા દશ વાગ્યાના સુમારે મુસાફરે રીક્ષા ચાલકના ગળાના ભાગે કટર મુકીને મોબાઈલ આપવા માટે કહ્યું હતું. જેથી રીક્ષા ચાલકે રીક્ષા ઉભી રાખીને મોબાઈલ આપવાની ના પાડી હતી. જેથી મુસાફરના સ્વાંગમાં બેઠેલા શખ્સે રીક્ષા ચાલકના ગળાના ભાગે તેમજ મોં પર કટર મારીને મોબાઈલ લઈને રાત્રીના અંધકારમાં નાસી છુટ્યો હતો. જેથી રીક્ષા ચાલક ત્રિ મંદિર પાસે આવીને અન્ય રીક્ષા ચાલકોને બનાવ અંગે જાણ કરી હતી. તે સમયે ધમેન્દ્રભાઈ સોનીને અન્ય શેરથા ગામનો સુનિલ ઠાકોર મળ્યો હતો.

તેણે કહ્યું હતું કે તે કલોલ રીલાયન્સ પેટ્રોલ પંપ પર નોકરી પુરી કરીને આવતો હતો. ત્યારે અજાણ્યા શખ્સો તેની રીક્ષામાં બેસાડી શેરથા કટ પાસે ગળા પર છરી જેવું હથીયાર મુકી પૈસા અને ફોન માંગ્યો હતો. જેથી સુનિલ ચાલુ રીક્ષામાંથી કુદીને ભાગી ગયો હતો. ફરીયાદી ધર્મેન્દ્રભાઈ સોની અને સુનિલે મળીને આસપાસના વિસ્તારમાં આરોપીની શોધખોળ કરતા આરોપી મળી આવ્યો હતો. જેથી રીક્ષા ચાલકનો મોબાઈલ લુંટી લેનાર અને સુનિલને લુંટવાનો પ્રયાસ કરનાર એક જ વ્યકિત હોવાનું સામે આવ્યું હતું.

# કલોલ-છત્રાલ હાઈવે પર લકઝરી બસમાંથી ૯૪ બોટલ દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૪

કલોલ-છત્રાલ હાઈવે પર લકઝરી બસમાંથી પોલીસને વિદેશી દારૂની ૯૪ બોટલ સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા હતા. બસમાં સામાન મુકવાના ખાના પાસેથી કંતાનના કોથળામાંથી પોલીસને દારૂ મળી આવ્યો હતો. પોલીસે દારૂ, લકઝરી બસ, મોબાઈલ ફોન મળી કુલ ૧૦.૪૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહીતી મુજબ એલસીબી-૨ પીઆઈ એચ. પી. ઝાલાના માર્ગદર્શનમાં ટીમ કલોલ પંથકમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે એસએસઆઈ કેવલસિંહ તથા કોન્સ્ટેબલ રાકેશસિંહને દારૂ અંગે બાતમી મળી હતી. જેના આધારે પોલીસે રાજસ્થાનના નાગોરથી અમદાવાદ જતી RJ-07-PB-0911 નંબરની બસને કલોલ ખાતે રોકી હતી.

પોલીસે બસમાં ચેકિંગ કરતાં સાઈડમાં આવેલી સામાન મુકવાના ખાનામાંથી કંતાનના કોથળામાંથી દારૂ મળી આવ્યો હતો. સામાન અંગે તપાસ કરતાં તે બસમાં પેસેન્જર તરીકે બેઠેલા રાજસ્થાનના હડમાનસિંહ લુળસિંહ રાઠોડ (૩૫ વર્ષ) તથા રાજુસિંહ પપ્પુસિંહ ભાટી (૩૩ વર્ષ)નો હોવાનું સામે આવ્યું હતું. જેને પગલે પોલીસે ૩૩ હજારની કિંમતની દારૂની ૯૪ બોટલ, ૧૦ લાખની કિંમતની લકઝરી બસ તથા ૧૧ હજારની કિંમતના બે ફોન મળીને ૧૦.૪૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# વિશ્વ રેડીયો દિવસે ડૉ. દર્શન ત્રિવેદીનું માહિતીપ્રદ વકતવ્ય

ગાંધીનગર, તા.૧૪

વિશ્વ રેડીયો દિનના પ્રસંગે, ગુજરાત ગુજરાત સાયન્સ સિટી દ્વારા માઈકાના આનુષંગિક ફેકલ્ટી અને ફિલ્મમેકર ડૉ. દર્શન અશ્વિન ત્રિવેદી સાથે એક ઇન્ટરેક્ટીવ સત્રનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્રમાં પ્રેક્ષકોએ વર્ચ્યુઅલી ભાગ લીધો હતો. જેમાં ડૉ. ત્રિવેદીએ શોધથી લઈને ટ્રાન્સમિશન અને ડિજીટલ વિશ્વમાં રેડીયોની અગત્યતા જેવા વિષયો પર વાત કરી હતી.

યુનાઈટેડ નેશનલ રેડીયોની સ્થાપના ૧૩ ફેબ્રુઆરી ૧૯૪૬ના રોજ કરવામાં આવી હતી. ૧૪ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ યુનાઈટેડ નેશનસ જનરલ એસેમ્બલીએ વિશ્વ રેડીયો દિનની યુનેસ્કોની ઘોષણાને ઔપચારીક રીતે સમર્થન આપ્યુ હતુ. તેના ૬૭માં સત્ર દરમિયાનમાં, યુએન જનરલ એસેમ્બલીએ ૧૩ ફેબ્રુઆરીને વિશ્વ રેડીયો દિન તરીકેની ઘોષણાના ઠરાવને સ્વીકાર્યો હતો.

ડૉ. ત્રિવેદીએ ગુગલીઈમો માર્કોની અને નિકોલા ટેસ્લા વચ્ચેની પેટન્ટ લડાઈ વિશે વિદ્યાર્થીઓને વાત કરતા સત્રનો પ્રારંભ કર્યો હતો. તેમણે એમ્પ્લીટ્યૂડ મોડ્યૂલેશન (એએમ) અને ફીક્વન્સી મોડ્યૂલેશન (એફએમ), સેટેલાઈટ રેડીયો, ઓનલાઈન રેડીયોઅને હેમ રેડીયો વચ્ચેનો તફાવત પણ સમજાવ્યો હતો.

વર્ષો વીતતા ઓલ ઈન્ડિયા રેડીયો (એઆઈઆર) શરૂ થવા અંગે ખાસ ઉલ્લેખ કરતા ડૉ. ત્રિવેદીએ જણાવ્યું હતુ કે ભારતની રાષ્ટ્રીય જાહેર સેવા પ્રસારણકર્તા માહિતી આપવા, શિક્ષણ પૂરું પાડવા અને લોકોને મનોરંજન પૂરું પાડવા માટે કામ કરી રહી છે. 'ઓલ ઈન્ડિયા રેડિયોની હોમ સર્વિસીઝમાં ૪૭૦ બ્રોડકાસ્ટીંગ સેન્ટર્સનો સમાવેશ થાય છે જે દેશના આશરે ૯૨ ટકા વિસ્તારને ૨૪ ભાષાઓ અને ૧૭૯ બોલીઓના કાર્યક્રમો સાથે આવરી લે છે. જે વિશ્વમાં સૌથી મોટુ પ્રસારણકર્તા છે,' એમ તેમણે જણાવ્યું હતુ.



## સાદરામાં વિદ્યાપીઠ ખાતે સંકુલ પરિભ્રમણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગરના સાદરા ખાતે ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલના બી.એ. પ્રથમ સત્ર અને એમ.એ. પ્રથમ સત્રનું ઓફલાઈન શિક્ષણકાર્ય શરૂ કરવામાં આવ્યુ છે. નવા પ્રવેશાર્થી વિદ્યાર્થી ભાઈઓ-બહેનો સંકુલના વિવિધ વિભાગોથી જાણકાર બને તે હેતુથી સંકુલના સંયોજક રમેશભાઈ પટેલના આયોજન પ્રમાણે સંકુલ પરિભ્રમણ કાર્યક્રમ હાથ ધરાયો હતો. ગાંધી ખાદી ગ્રામ ઉદ્યોગ, આરોગ્ય કેન્દ્ર, મુખ્ય ગ્રંથાલય, કોમ્પ્યુટર લેબ, ગૌશાળા, વ્યાયામના મેદાનો, કસ્તુરબા આહાર ગૃહ જેવા સંકુલના મહત્વના વિભાગોનું પરિભ્રમણ જગદીશ પરીખે કરાવ્યુ હતુ. ગોરધન રાવળ, ડૉ. નયનેશ વસાવા, દિશા દવે, ડૉ. મિલન ભટ્ટ, કિશન રબારી, ડૉ. જગદીશ સાંવલીયાએ પોત પોતાના વિભાગોની માહિતી પરિભ્રમણ કરનાર વિદ્યાર્થી ભાઈઓ, બહેનોને આપી હતી. કિશન પંચાલે સમગ્ર વિભાગોની મુલાકાતની ફોટોગ્રાફી-વિડિયોગ્રાફી કરી નવા વિદ્યાર્થીઓના સંકુલ પરિભ્રમણ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# રાજ્યમાં કોરોના સંક્રમણના નવા ૨૪૭ કેસ નોંધાયા

ભારતમાં કોરોના વાયરસના નવા ૧૨,૧૯૪ કેસ સામે આવ્યા પછી કોરોનાની કુલ સંખ્યા પણ ૧.૦૯ કરોડ થઈ છે. જ્યારે આ મહિનામાં ૮મી વાર મહામારીમાં એક દિવસમાં ૧૦૦થી ઓછા લોકો મોતને ભેટ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા રવિવારે જાહેર કરાયેલા આંકડાઓમાં આ જાણકારી આપવામાં આવી છે. દેશમાં વધુ ૯૨ વ્યક્તિઓના મોત પછી મૃત્યુઆંક ૧,૫૫,૬૪૨ થયો છે તો ગુજરાતમાં પણ ૧૧ જિલ્લાઓમાં એકપણ કેસ નોંધાયો નથી અને ૨૪ કલાકમાં વધુ ૨૪૭ દર્દીઓ સાથે મૃત્યુઆંક પણ ૪૪૦૧ પર પહોંચ્યો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના કુલ ૨૪૭ કેસ નોંધાયા છે તો તેની સામે રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૭૦ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી હવે કોરોના મહામારીમાં રાજ્યમાં કુલ ૨૫૯૧૦૪ દર્દીઓ કોરોનાને હરાવવામાં સફળ રહ્યાં છે. જેથી રાજ્યનો રિકવરી રેટ પણ ૯૭.૬૯%એ પહોંચ્યો છે. રાજ્યમાં નવા કેસમાંથી અમદાવાદમાં ૫૦, સુરતમાં ૩૮, વડોદરામાં ૬૦ તેમજ રાજકોટમાં ૩૯ દર્દીઓનો સમાવેશ થાય છે. જ્યારે રાજ્યમાં કુલ ૧૭૩૯ એક્ટિવ કેસમાંથી ૨૬ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૧૭૧૩ સ્ટેબલ છે. રાજ્યમાં ૨૪ કલાકમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૧ મોત નોંધાતા હવે રાજ્યમાં કુલ મૃત્યુઆંક પણ ૪૪૦૧એ પહોંચ્યો છે. ગુજરાતમાં પણ ૨૪ કલાકમાં ૩૧૭ કેન્દ્રો પર ૬૯૮૩ વ્યક્તિઓને કોરોનાની રસી આપવામાં આવી છે. જેથી અત્યાર સુધીમાં કુલ ૭,૯૧,૬૦૨ વ્યક્તિઓનું રસીકરણ થયું છે. રાજ્યમાં અમરેલી, બોટાદ, ડાંગ, જામનગર, મહીસાગર, મહેસાણા, નવસારી, પોરબંદર, સુરેન્દ્રનગર, તાપી અને વલસાડ એમ કુલ ૧૧ જિલ્લાઓમાં કોરોનાનો એકપણ કેસ નોંધાયો નથી.

## રાજકારણમાંથી નિવૃત્ત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તમે તો અપક્ષ ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા છે ને? તેવા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે આ વાત સાચી છે. હું આજે પણ અપક્ષ ઉમેદવારનું સમર્થન કરૂ છુ. પરંતુ મારો નિવૃત્તિનો નિર્ણય અને રાજીનામાના નિર્ણયમાં પીછેહઠ કરવાની કોઈ જ વાત નથી.

હવે નવા અને યુવા નેતૃત્વ કોંગ્રેસની જવાબદારી સંભાળે : જિલ્લામાં પક્ષને જે મજબુતાઈ મળી છે તેનુ સંવર્ધન કરે.

## તાકાતમાં વધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

કે, બે વર્ષ પહેલા આ જ દિવસે પુલવામા હુમલો થયો હતો. આપણે તમામ શહીદોને શ્રદ્ધાંજલિ આપીએ છીએ જેઓએ આ હુમલામાં શહીદ થયા હતા. આપણને દેશના સુરક્ષા દળો પર ગર્વ છે. તેમની બહાદુરીથી અનેક પેઢીઓને પ્રેરણા મળતી રહેશે. હાલમાં જ રક્ષા મંત્રાલયે ૧૧૮ ઉન્નત અર્જુન માર્ક ૧એ ટેંકને ભારતીય સેનામાં સામેલ કરવાનો નિર્ણય લીધો હતો.

૮,૪૦૦ કરોડ રૂપિયાની કિંમતવાળી આ ટેંકને સંપૂર્ણપણે ભારતમાં તૈયાર કરવામાં આવી છે. આ ટેંકનું નિર્માણ અને વિકાસ સંપૂર્ણપણે ડીઆરડીઓએ કર્યું છે અને તે ભારતીય સેનાની દરેક જરૂરિયાતોને પૂરી કરવાનું છે. અર્જુન ટેંકને ડીઆરડીઓ કોમ્બેટ વ્હીકલ્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્સીસમેન્ટમાં ડિઝાઇન કરવામાં આવી છે. આ દરમિયાન વડાપ્રધાને ચેન્નઈ મેટ્રો પરિયોજનાના પહેલા ચરણનું શુભારંભ કરાવ્યું. આ વિસ્તારિત પરિયોજનાને પૂરી કરવામાં ૩,૭૭૦ કરોડ રૂપિયાનો ખર્ચ આવ્યો છે. તે ઉત્તર ચેન્નઈને એરપોર્ટ અને રેલવે સ્ટેશન સાથે જોડશે.

## ક્લિન ચીટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજકારણમાં પોતાનો દબદબો જાળવી રાખવા તેમજ હવે પછીની ચૂંટણીમાં ઝંપલાવવાનો ઈરાદો વ્યક્ત કરતા ટ્રમ્પે જણાવ્યું કે, મેક અમેરિકા ગ્રેટ માટે દેશભક્ત અને સુંદર અભિયાન હવે શરૂ થયું છે. વ્હાઈટ હાઉસ છોડ્યા બાદ ટ્રમ્પ ફ્લોરિડામાં પોતાના ક્લબમાં રહી રહ્યા છે.

ટ્રાયલ વખતે સેનેટના રિપબ્લિકન નેતા એમ મૈકકોનેલે પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગની સુનાવણીમાં તેમના પક્ષમાં મતદાન કરવાની જાહેરાત કરી હતી. કેસની સુનાવણી વખતે શનિવારે ગૃહમાં અંતિમ ચર્ચા પૂર્વે કેટલાક કલાકો માટે કાર્યવાહી ખોરવાઈ હતી. આશ્ચર્યની વાત એ છે કે સેનેટ સભ્ય કેસમાં સાક્ષીઓને બોલાવવા ઈચ્છતા હતા.

## મજબૂર થયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગામને અને હાઈવેને જોડતો માર્ગ ૭ મીટરનો કરવા અંગે મંજૂરી પણ આવી ગઈ છે પરંતુ કામ શરૂ થતુ નથી. ગામની આસપાસમાં સોસાયટીઓ બની જતાં અહિ ટ્રાફિકનું ભારણ પણ વધી ગયુ છે.

જો કે તંત્ર દ્વારા ઉદાસીનતા દાખવવામાં આવે છે. ગ્રામ સફાઈ પણ થતી નથી. જો આ પ્રશ્નો સત્વરે નહિ ઉકેલાય તો આગામી દિવસોમાં ગ્રામજનો દ્વારા ઉગ્ર આંદોલનની વિચારણા હાથ ધરવામાં આવી છે.

## દિશા રવિની

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટૂલકિટને એડિટ કરી હતી, તેમાં કેટલીક ચીજો ઉમેરી અને તેને આગળ સર્કુલેટ કરી હતી. પોલીસે જણાવ્યું કે આ મામલામાં કેટલાક બીજા નામો પણ રડાર પર છે અને ટૂંક સમયમાં અન્ય લોકોની ધરપકડ કરવામાં આવશે. ફ્રાઈડે ફોર ફ્યૂચર કેમ્પેનહ્નની ફાઉન્ડર્સમાં દિશા રવિ પણ એક સભ્ય છે.

દિલ્હી પોલીસે ૪ ફેબ્રુઆરીએ ગ્રેટા દ્વારા શૅર કરેલી ટૂલકિટને લઈ કેસ નોંધ્યો હતો. ટૂલકિટ મામલામાં થયેલી આ પહેલી ધરપકડ છે. દિશાએ માઉન્ટ કાર્મેલ કોલેજથી બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરી છે. સૂત્રોએ જણાવ્યા મુજબ, દિલ્હી પોલીસની સ્પેશલ સેલે જ્યારે તેની ધરપકડ કરી, તે સમયે તે ઘરેથી જ કામ કરી રહી હતી.

## જથ્થો જપ્ત

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને પોલીસની સતર્કતાથી આતંકવાદીઓને નિષ્ફળતા સાંપડી રહી છે. સાંબા જિલ્લામાં હજુ પણ અનેક ઓવર ગ્રાઉન્ડ વર્કર કામ કરી રહ્યાં છે, જે પોલીસની પકડથી દૂર છે. અગાઉ હીરાનગરના રસાનામાં ડ્રોનથી હથિયાર ઉતારવામાં આવ્યા હતા. આ હથિયાર ઉઠાવનારાને પોલીસે ઝડપી પાડ્યો હતો. તેને રસાનામાં એ જગ્યાએ લઈ જવામાં આવ્યો, જ્યાંથી તેણે હથિયાર ઉઠાવ્યા હતા. જે બાદ કાજીગુંડમાં પણ બે લોકોએ એક ટ્રકમાંથી ઝડપી પાડવામાં આવ્યા હતા. જેમની પાસેથી હથિયારો કબ્જે કર્યા હતા.


KALPA-TARU®
POWER TRANSMISSION LIMITED

Registered Office : Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028 CIN : L40100GJ1981PLC004281
Tel No: +91 79 2321 4000 Fax : +91 79 2321 1966 E Mail : cs@kalpatarupower.com

Extract of Unaudited Financial Results for the Quarter and Nine Months Ended December 31, 2020

(₹ in Crores)

| Sr. No. | Particulars | Standalone | | | | | Consolidated | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Quarter Ended | | Nine Months Ended | | Year Ended (Audited) | Quarter Ended | | Nine Months Ended | | Year Ended (Audited) |
| | | December 31, 2020 | December 31, 2019 | December 31, 2020 | December 31, 2019 | March 31, 2020 | December 31, 2020 | December 31, 2019 | December 31, 2020 | December 31, 2019 | March 31, 2020 |
| 1 | Total Income from Operations | 1,993 | 1,979 | 5,334 | 5,601 | 7,904 | 3,501 | 3,162 | 8,863 | 9,149 | 12,676 |
| 2 | Net Profit for the period (before tax, exceptional and / or extraordinary items) | 174 | 154 | 462 | 457 | 642 | 204 | 175 | 452 | 556 | 644 |
| 3 | Net Profit for the period before tax (after exceptional and / or extraordinary items) | 328 | 178 | 630 | 481 | 666 | 410 | 172 | 662 | 553 | 648 |
| 4 | Net Profit for the period (after tax, exceptional and / or extraordinary items) | 257 | 137 | 485 | 356 | 463 | 308 | 133 | 475 | 377 | 390 |
| 5 | Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax) | 254 | 139 | 498 | 344 | 439 | 308 | 146 | 490 | 369 | 351 |
| 6 | Equity Share Capital (Face Value of ₹ 2 each) | 30 | 31 | 30 | 31 | 31 | 30 | 31 | 30 | 31 | 31 |
| 7 | Other Equity (excluding Revaluation Reserve) | | | | | 3,505 | | | | | 3,327 |
| 8 | Earnings Per Share of ₹ 2 each (not annualised) (₹) (for continuing and discontinued operations) | | | | | | | | | | |
| | a) Basic | 17.19 | 8.85 | 31.79 | 23.10 | 30.02 | 20.60 | 8.21 | 32.58 | 23.29 | 25.25 |
| | b) Diluted | 17.19 | 8.85 | 31.79 | 23.10 | 30.02 | 20.60 | 8.21 | 32.58 | 23.29 | 25.25 |

Notes :
1 The above is an extract of the detailed format of quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchanges' websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website www.kalpatarupower.com.
2 The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on February 13, 2021. The same have also been subjected to Limited Review by the Statutory Auditors.
3 On February 05, 2021, wholly owned subsidiary of the Company in Brazil namely Kalpataru Power do Brasil Participações Ltda. has signed definitive agreement to acquire controlling stake of 51% in Fasttel Engenharia Ltda.,Brazil (Fasttel).
4 Exceptional items for the quarter:
(i) Pursuant to the Share Purchase and Shareholder Agreement dated July 05, 2020, the Company has sold 49% stake alongwith the transfer of control in Alipurduar Transmission Limited (ATL) on November 26, 2020 and the balance 51% stake will be transferred after obtaining requisite approvals. Consequent to the transfer of control and as per the requirement of Ind AS 110 "Consolidated Financial Statement", financial results of ATL have not been consolidated with the Company from the said date. The Company has recognized the entire gain (net of expenses) of ₹ 202 Crores, representing gain on transfer of 49% stake and fair value gain on the balance 51% stake.
(ii) On October 05, 2020, the Company has completed the sale of its entire stake in Jhajjar KT Transco Private Limited (JKTPL) and it ceases to be the Joint venture of the Company. Consequently, the Company has recognized a gain (net of expenses) of ₹ 4 crores.
5 The Board of Directors of the Company in its meeting held on May 20, 2020 had approved a proposal for buyback of Equity Shares of the Company for an amount not exceeding ₹ 200 Crore (Maximum Buyback Size, which shall exclude transaction cost of buyback) from the Open Market through Stock Exchanges (NSE and BSE) at the Maximum buyback price of ₹ 275/- per equity share. The Company had commenced buyback of share on June 01, 2020 and completed on November 27, 2020. The total number of shares bought back under the buyback was 58,06,262 Equity Shares.
6 The Board of Directors at the above meeting has declared an interim dividend of ₹ 8.5 per equity share of ₹ 2 each of the Company.
7 The previous period's / year's figures have been regrouped/ rearranged wherever considered necessary.

Place : Mumbai
Date : February 13, 2021

Manish Mohnot
Managing Director & CEO
DIN:01229696